*CC NO.1653-2024*

**<u>આંક–૦૧ લગત હુકમ</u>**

(૧) હાલના કામે તપાસ એજન્સી દવારા આરોપી વિરૂધ્ધ મોટર વ્હિકલ એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાના કામે પ્રથમ બાતમી અહેવાલ નોંધી તપાસના અંતે આખરી અહેવાલ (ચાર્જશીટ) રજુ કરેલ છે.

(૨) ઉપરોકત હકીકતે નામ. કેરેલા હાઈકોર્ટના ***MAHABOOB S/O.KOYA MOIDEEN Vs THE STATE (Crl.MC.NO. 702 OF 2011)*** નો તા.૩૦.૦૩.૨૦૨૧નો ચુકાદો ધ્યાને લેજો જરૂરી જણાય છે. સદર ચુકાદાના જરૂરી પેરા સરળતા ખાતર અત્રે નોંધેલ છે.

***11. The above discussion leads me to the conclusion that cognizance taken by the learned Magisterate of offences punishable under Secs.184 and 185 of the code on a charge sheet submitted by the police officer after an investigation in violation of sec.155(2) of the code is illegel and for reasons I have stated, the said charge sheet cannot also be deemed to be a complaint as defined under Sec.2(d) of the code. Cognizance taken being illegal is liable to be quashed.***

(૩) આમ, નામ. કેરેલા હાઈકોર્ટ દવારા ઉતમ ચુકાદામાં પ્રસ્થાપિત સિંધ્ધાંત મુજબ એમ.વી.એકટ– ૧૮૫ એ હેઠળનો ગુનો પોલીસ અધિકાર બહારનો ગુનો હોઈ પોલીસે તપાસ સારુ ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૫(૨) મુજબની સંબંધિત જયુ.મેજીસ્ટ્રેટની પૂર્વ મંજુરી લેવી જરૂરી બને છે. હાલના કામે રેકર્ડ જોતા સદર મંજુરી મેળવેલ ના હોઈ હાલની પોલીસે કરેલી તપાસ અને તે પરથી કરેલ ચાર્જશીટ ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૫(૨) તથા નામ. કેરેલા હાઈકોર્ટના ઉકત ચુકાદાના પ્રસ્થાપિત સિંધ્ધાંત ધ્યાને લેતા દુષિત બને છે.

(૪) આમ, ઉકત હકીકતે આરોપી વિરૂધ્ધ એમ.વી.એકટની કલમ– ૧૮૫ ના ગુના સબબ ચાર્જશીટ રજ રાખેલ હોય, ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૫(૨)ની જોગવાઈઓ તેમજ નામ.કેરેલા હાઈકોર્ટના ***MAHABOOB Vs THE STATE***ના ચુકાદામાં પ્રસ્થાપિત સિંધ્ધાંત તથા ક્રિમિનલ પ્રોસીઝર કોડ હેઠળની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા હાલના કામે આગળ કાર્યવાહી ચલાવી શકાય તેમ જણાતુ ના હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

૧. હાલના આખરી અહેવાલ (ચાર્જશીટ)ના આધારે ઉત્પન્ન થયેલ ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૧૫૫(૨)ની જોગવાઈઓથી બાધિત હોય આગળની કાર્યવાહી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૮ મુજબ પડતી મુકી આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ અદાલતની સ્પે.સીટીંગમાં હુકમ જાહેર કર્યો.

તા.૧૪/૦૯/૨૦૨૪
કોડીનાર.

(અતુલકુમાર)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોડીનાર